# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

**************************************************

1) લોકસભામાં વક્ફ સુધારા વિધેયક રજૂ 2025, હાલ ચર્ચા ચાલી રહી છે
2) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, દોઢ વર્ષમાં તમામ રેલવે સ્ટેશનો પર CCTV કેમેરા લગાવવામાં આવશે
3) ભારતીય નૌકાદળના જહાજ INS તર્કશે પશ્ચિમ હિંદ મહાસાગરમાં નશીલા પદાર્થનો બે હજાર કિલોગ્રામથી વધુ જથ્થો જપ્ત કર્યો 500
4) ચિલીના રાષ્ટ્રપતિ, ગેબ્રિયલ બોરિક ફોન્ટે જણાવ્યું, ચિલીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે સમર્થન કર્યું
5) IPLમાં ગુજરાત ટાઈટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## FUR. REV. EVE. LS - WAQF

લોકસભામાં વક્ફ (સુધારા) વિધેયક, 2025 પર ચર્ચા થઈ રહી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું, સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા બાદ આ વિધેયક લાવવામાં આવ્યું છે. શ્રી શાહે જણાવ્યું, વક્ફમાં કોઈ પણ બિન મુસ્લિમ સભ્યનો સમાવેશ નહીં કરવામાં આવે.

(બાઇટ: અમિત શાહ - કેન્દ્રીય ગૃહ મંત્રી)

અગાઉ, આ વિધેયક રજૂ કરતા કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે તેને મુસ્લિમોની ધાર્મિક પ્રથા સાથે કોઈ સંબંધ નથી અને તે માત્ર વક્ફ બોર્ડ સાથે સંબંધિત સંપત્તિઓ સાથે સંબંધિત છે. તેમણે જણાવ્યું આ વિધેયકનો હેતુ કોઈની મિલકત જપ્ત કરવાનો નથી.

(બાઇટ: કિરેન રિજિજુ- કેન્દ્રીય મંત્રી)

ચર્ચાની શરૂઆત કરતા કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ સરકાર પર આ બિલ અંગે લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, આ બિલ બંધારણની વિરુદ્ધ છે.

TDPના સાંસદ કૃષ્ણ પ્રસાદ તેન્નેટીએ આ વિધેયકનું સમર્થન કરતાં જણાવ્યું, એક લાખ 20 હજાર કરોડ રૂપિયાની વક્ફ મિલકતો અને 36 લાખ એકરથી વધુ જમીન લઘુમતીઓ માટે આર્થિક અને સામાજિક પરિવર્તનની તક રજૂ કરે છે.

. . . . . . . . . . . . . . .

## IMMIGRATION BILL

સંસદે ઇમિગ્રેશન અને ફોરેનર્સ વિધેયક , 2025 પસાર કર્યું છે અને આજે રાજ્યસભામાં તેને મંજૂરી આપવામાં આવી છે. અગાઉ લોકસભામાં આ બિલ પસાર થઈ ચૂક્યું છે. આ કાયદો ભારતમાં વિદેશીઓના સ્થળાંતર, પ્રવેશ અને રોકાણને નિયંત્રિત કરશે. ગૃહમાં બિલ પરની ચર્ચાનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે આ કાયદો ભારતની મુલાકાત લેનારા વિદેશીઓના તમામ અદ્યતન રેકોર્ડને જાળવવામાં અને તેનું સંચાલન કરવામાં મદદ કરશે.

આ ચર્ચામાં વિવિધ રાજકીય પક્ષોના સભ્યોએ પણ ભાગ લીધો હતો. કામકાજ પૂર્ણ થયા બાદ ગૃહને આવતીકાલે સવારે 11 વાગ્યે ફરીથી બેઠક માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## LS - RAILWAY

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, દોઢ વર્ષમાં તમામ રેલવે સ્ટેશનો પર પૂરતી સંખ્યામાં CCTV કેમેરા લગાવવામાં આવશે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતીય રેલવેએ મહિલાઓની સલામતી માટે અનેક પગલાં લીધાં છે. તેમણે ઉમેર્યું કે દરેક વિભાગ, ઝોન અને રેલવે બોર્ડમાં વોર રૂમ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના દ્વારા સ્ટેશનો પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ, ON-RAILWAY)

. . . . . . . . . . . . . . . .

## PM THAILAND VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છઠ્ઠી બિમ્સ્ટેક શિખર પરિષદમાં ભાગ લેવા માટે આવતીકાલે સવારે થાઇલેન્ડની બે દિવસની મુલાકાતે રવાના થશે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી આવતીકાલે બેંગકોકમાં તેમના સમકક્ષ પેટોંગટાર્ન શિનાવાત્રા સાથે દ્વિપક્ષી વાતચીત કરશે.

તેઓ દ્વિપક્ષી સંબંધોના સમગ્ર ક્ષેત્રમાં પ્રગતિની સમીક્ષા કરશે અને ભારત-થાઇલેન્ડ દ્વિપક્ષી ભાગીદારીને વધુ વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરશે. તેઓ અનેક દ્વિપક્ષી દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાના સાક્ષી પણ બનશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## PM - PRADHATNA ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એક સુધારા કરતાં વધુ અને રાષ્ટ્રનું બૌદ્ધિક પુનર્જાગરણ છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, NEP શિક્ષણ અને નવીનતા દ્વારા આત્મનિર્ભર, વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રાષ્ટ્રનો માર્ગ મોકળો કરી રહી છે. છેલ્લા દાયકામાં ભારતના શિક્ષણ ક્ષેત્રમાં થયેલા પરિવર્તન પર પ્રકાશ પાડતા એક અખબારમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના લેખને શેર કરતી વખતે શ્રી મોદીએ આમ જણાવ્યું હતું.

દરમિયાન, શ્રી પ્રધાને જણાવ્યું કે છેલ્લા દાયકામાં શિક્ષણ પ્રણાલીએ તેનો માર્ગ બદલી નાખ્યો છે અને કહ્યું હતું કે સત્યથી આગળ કંઈ હોઈ શકે નહીં. એનઇપી 2020 અંગે તેમણે કહ્યું આ માત્ર એક શિક્ષણ સુધારા નથી પરંતુ બૌદ્ધિક વસાહતીકરણ છે જેની ભારતે લાંબા સમયથી રાહ જોઈ હતી.

. . . . . . . . . . . . . . .

## INS TARKASH-NARCOTICS

ભારતીય નૌકાદળના જહાજ INS તર્કશે પશ્ચિમ હિંદ મહાસાગરમાં નશીલા પદાર્થનો બે હજાર 500 કિલોગ્રામથી વધુ જથ્થો જપ્ત કર્યો. સંરક્ષણ મંત્રાલયે આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 31 માર્ચના રોજ પેટ્રોલિંગ દરમિયાન INS તર્કશને ભારતીય નૌકાદળના પી-8આઈ વિમાનોમાંથી આ વિસ્તારમાં કાર્યરત શંકાસ્પદ જહાજો અંગે માહિતી મળી હતી. આ જહાજો માદક દ્રવ્યોની દાણચોરી સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનું જણાતા તેમણે અટકાવવા માટે તર્કશે પોતાનો માર્ગ બદલ્યો.

શોધ અભિયાન દરમિયાન, બે હજાર 386 કિલો માદક પદાર્થ અને 121 કિલો હેરોઈન સહિત 2,500 કિલો માદક પદાર્થો મળી આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

## INDIA CHILE WAVES

ભારતે 1 થી 4 મે દરમિયાન મુંબઈમાં યોજાનારા વેવ્સ 2025 માટે ચિલીને આમંત્રણ આપ્યું છે. માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન ગઈકાલે નવી દિલ્હીમાં ચિલીના સંસ્કૃતિ, કલા અને વારસા મંત્રી કેરોલિના એરેડોન્ડોને મળ્યા હતા. ડૉ. મુરુગને વેવ્સ 2025 માટે આમંત્રણ આપ્યું હતું અને સુશ્રી એરેડોન્ડોને ભારતીય શિલ્પો દર્શાવતી પેઇન્ટિંગ ભેટ આપી હતી. બંને મંત્રીઓએ ભારત-ચિલી સાંસ્કૃતિક સહયોગને મજબૂત કરવા, કળા અને વારસામાં સહયોગ વધારવા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . .

## CHILE PREZ - LECTURE

ચિલીના રાષ્ટ્રપતિ, ગેબ્રિયલ બોરિક ફ્રોન્ટે જણાવ્યું કે. ચિલીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે સમર્થન કર્યું છે. ચિલી એન્ડ ઇન્ડિયા-સાઇડ બાય સાઇડ ઇન ધ ગ્લોબલ સાઉથ વિષય પર 53મા સપ્રુ હાઉસ વ્યાખ્યાન આપતા રાષ્ટ્રપતિ ફ્રૉન્ટે કહ્યું કે ચિલી ભારત સાથે તેની ભાગીદારી વધારવા માંગે છે કારણ કે ત્યાં દ્વિપક્ષીય સહયોગ માટે વિશાળ અવકાશ છે. તેમણે કહ્યું કે ભારત ચિલીની વિદેશ નીતિની પ્રાથમિકતા છે. શ્રી ફ્રોન્ટે જણાવ્યું, ટેકનોલોજીમાં ભારતનું નેતૃત્વ ચિલીના વિકાસ માટે સુસંગત છે. તેમણે ઉમેર્યું, ચિલીએ હંમેશા સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા માટે હાકલ કરી છે.

. . . . . . . . . . . . . . .

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPLમાં ગુજરાત ટાઈટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે .

બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચાલી રહેલી આ મેચમાં, છેલ્લા અહેવાલ પ્રમાણે રોયલ ચેલેન્જર બેંગલુરુએ 4.4 ઓવરમાં 3 વિકેટે 35 રન કર્યા છે.

. . . . . . . . . . . . . . .

## MUMBAI-DRI

મુંબઈ મહેસૂલ ગુપ્તચર નિયામક -DRIની કચેરીએ મહારાષ્ટ્રના ધુલે જિલ્લામાં આશરે સાડા નવ એકર જમીનમાં ગેરકાયદેસર રીતે ઉગાડેલા માદક પદાર્થના છોડનો નાશ કર્યો છે .

એક સત્તાવાર અખબારી યાદી અનુસાર, DRI મુંબઈએ તેના પૂણે અને નાગપુર પ્રાદેશિક એકમો સાથે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે એક મોટું સફળ ઓપરેશન હાથ ધર્યું હતું કે ધુલેના ખામખેડા અંબે અને રોહિણી ગામોમાં માદક પદાર્થના છોડની ગેરકાયદેસર ખેતી કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . .

## INDIA LOCOMOTIVE

ભારતે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન એક હજાર 681 એન્જિનોનું ઉત્પાદન કરીને અમેરિકા અને યુરોપને પાછળ છોડી દીધું છે. રેલવે મંત્રાલયે આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અગાઉના નાણાકીય વર્ષમાં ઉત્પાદિત એક હજાર 472 એન્જિનની સરખામણીએ આ વર્ષે 19 ટકાનો વધારો નોંધાયો છે.

. . . . . . . . . . . . . . .